પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Emai3l:Spl1-ahd@gujarat.gov.in

## -:જાહેરનામું:-

## ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/પરમીટ/૧૪ /૨૦૨૫ તા.૦૪ /૦૬/૨૦૨૫

ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે.લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૩(૫)ની જોગવાઈ તથા ભારતના બંધારણના આર્ટીકલ-૩૨૪ અન્વયે મળેલ સત્તા મુજબ ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા.૨૩-૧૧-૦૭ના પત્ર ક્રમાંક ૪૩૭/ ૬/ ૨૦૦૭/ પીએલએમ-૩ થી વાહનોના ઉપયોગ/દુરૂપયોગ ઉપર નિયંત્રણ બાબતે તેમજ ભ્રષ્ટ આચરણ (**CORRUPT PRACTICES**) અંગે જોગવાઈ કરી અને સુચનાઓ અને આદેશો બહાર પાડવામાં આવેલ છે જે મુજબ ચૂંટણી પ્રચાર માટે વાહનોના દુરૂપયોગ અટકાવવા માટે તથા મુક્ત અને ન્યાયી વાતાવરામાં ચૂંટણી થાય તે માટે પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

આથી, હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ -૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચુટણીપંચના પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદ્દેશથી કોઇપણ રાજકીય પક્ષ કે ચૂટણીના ઉમેદવારો, સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઇપણ વ્યકિત ચુટણી અધિકારી શ્રી અથવા અન્ય સક્ષમ અધિકારીશ્રીની પુર્વ પરવાનગી સિવાય ચુટણીના કામે વાહનનો ઉપયોગ કરી શકશે નહિ.

(૨) ચૂંટણીના પ્રચારના કામે વાહન અંગે ચૂંટણી અધિકારીશ્રીની પુર્વ પરવાનગી સિવાય વાહનનો ઉપયોગ કરી શકશે નહિ. તેમજ આ અંગે મેળવેલ અસલ પરમીટ સહેલાઇથી જોઇ શકાય તે રીતે વાહનના વિન્ડસ્કીન ઉપર યોગ્ય માપમાં પરવાનગી મેળવનારે ચોંટાડવાની રહેશે.

(3) મતદાનના દિવસે ઉમેદવાર કે તેના એજન્ટ કે કોઇપણ વ્યક્તિએ પોતાના કે ભાડેથી કે અન્ય રીતે મેળવેલ વાહનમાં મતદારોને મતદાન મથક સુધી લઇ જઇ શકશે નહિ, અન્યથા આ પ્રક્રિયા ભ્રષ્ટઆચરણ (**CORRUPT PRACTICES**) ગણાશે.

(૪) મતદાનના દિવસે ઉમેદવારે કે તેના એજન્ટ કે પક્ષના કાર્યકરો દ્વારા નિયમ અનુસાર પરવાનગી મેળવેલ વાહનમાં ડ્રાઇવર સહિત વધુમાં વધુ પાંચ વ્યક્તિઓથી વધુ વ્યક્તિઓ વહન કરી શકશે નહિ.

(૫) 'વાહનોનો અર્થ' પરીવહનના હેતુ માટે ઉપયોગમાં લઇ શકાય તેવા યંત્ર શક્તિથી કે અન્ય રીતે ચાલતા કોઇપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

આ હુકમ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે લાગુ પડશે.

આ હુકમનો અમલ તા.૨૨/૦૬/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ ઉપર જણાવ્યા મુજબ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૩(૫) ની જોગવાઇઓનું ઉમેદવાર તેના એજન્ટ કે કાર્યકર/કાર્યકરોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ જોગવાઇનો ભંગ કરનાર સામે ઉક્ત જોગવાઇઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડી અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪ /૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(જી.એસ.મલિક)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ **Social**
**Media** પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (**C.P. Ahmedabad website** ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૯) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ **Social Media** પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(૩૦) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી

(૩૧) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.